69

# જવાબદાર નાગરિક ઘડતરમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભૂમિકા

**Dr. Naresh A. Ratnottar**
Assistant Professor
Smt.R. D. Shah Arts and Smt.V. D. Shah Commerce College
Dholka Ahmedabad, Gujarat

**સારાંશ:**

ભારતના સામાજિક, આર્થિક અને લોકશાહી વિકાસ માટે જવાબદાર, સજાગ અને મૂલ્ય આધારિત નાગરિકોનું ઘડતર અત્યંત મહત્વપૂર્ણ છે. આ દિશામાં શિક્ષણ મુખ્ય સાધન છે. વર્ષ 2020માં અમલમાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) માત્ર શૈક્ષણિક સુધારાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સમાજના દરેક ક્ષેત્રમાં જવાબદાર નાગરિક ઘડવાનો વ્યાપક દ્રષ્ટિકોણ ધરાવે છે. આ સંશોધન પેપરનો સારાંશ NEP-2020ની એવી મુખ્ય બાબતો પર પ્રકાશ પાડે છે જે નાગરિક જવાબદારી, નૈતિક મૂલ્યો અને લોકશાહી ચેતનાને વિકસાવે છે. NEP-2020માં નૈતિક મૂલ્યો, સંવિધાનિક મૂલ્યો, માનવ અધિકારો, ફરજો, લોકશાહી, સમાનતા અને સામાજિક ન્યાય જેવા તત્વોને શિક્ષણનો ભાગ બનાવવામાં આવ્યા છે. આથી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, કર્તવ્યનિષ્ઠા અને સામાજિક જવાબદારીનો ભાવ વિકસે છે. "ભારતીય જ્ઞાન પરંપરા"નો સમાવેશ કરીને નીતિ વિદ્યાર્થીઓને પોતાની સંસ્કૃતિ, ઇતિહાસ અને વારસાથી જોડે છે, જે જવાબદાર નાગરિકતાનું મજબૂત આધાર ઊભું કરે છે. નવી શિક્ષણ નીતિમાં નાગરિક શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત રાખવામાં આવ્યું નથી, પરંતુ તેને જીવન સાથે જોડવામાં આવ્યું છે. સામુદાયિક સેવા, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અભિયાન, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને સેવા આધારિત શિક્ષણ (Service Learning) દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક સંવેદના અને સહકારની ભાવના વિકસે છે. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને સમાજ પ્રત્યે જવાબદાર બનવા પ્રેરિત કરે છે.

આ સંશોધનનો સારાંશ દર્શાવે છે કે નવી શિક્ષણ નીતિ માત્ર શૈક્ષણિક ગુણવત્તા વધારવાનો પ્રયાસ નથી, પરંતુ તે સમાજ માટે જવાબદાર, નૈતિક, સંવેદનશીલ અને સક્રિય નાગરિકોની રચનાનું દ્રષ્ટિપૂર્ણ આયોજન છે. યોગ્ય અમલ અને સતત મૂલ્યાંકન થકી NEP–2020 ભારતના લોકશાહી ભવિષ્યને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

**મુખ્ય શબ્દો:**
લોકશાહી, ઉચ્ચ શિક્ષણ, નવી શિક્ષણ નીતિ, સામજિક પ્રવૃત્તિ, રોજગારી,જવાબદાર નાગરિક, પર્યાવરણીય જાગૃતિ

---

**પ્રસ્તાવના:**

કોઈ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં જવાબદાર નાગરિકોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. જવાબદાર નાગરિકો જ સમાજમાં શાંતિ, લોકશાહી મૂલ્યો, નૈતિકતા અને સંવિધાનિક આદર્શોને જીવંત રાખે છે. આવા નાગરિકોના ઘડતરમાં શિક્ષણની ભૂમિકા કેન્દ્રસ્થાને છે. સમય સાથે સમાજ, ટેકનોલોજી અને

વૈશ્વિક પરિસ્થિતિઓમાં થતા બદલાવોને ધ્યાનમાં રાખી ભારત સરકારે વર્ષ 2020માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અમલમાં મૂકી છે. આ નીતિ માત્ર ડિગ્રી કે રોજગાર સુધી સીમિત ન રહી, પરંતુ મૂલ્યઆધારિત, માનવકેન્દ્રિત અને સર્વાંગી શિક્ષણ પર ભાર મૂકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નૈતિક મૂલ્યો, સામાજિક જવાબદારી, પર્યાવરણ જાગૃતિ, લોકશાહી ભાવના, સમાનતા અને સમાવેશીતાના સિદ્ધાંતોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. બહુવિધ વિષયક અભ્યાસ, અનુભવ આધારિત શિક્ષણ, ભારતીય સંસ્કૃતિ અને સંવિધાનિક મૂલ્યોના સમાવેશ દ્વારા વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, નિર્ણયક્ષમતા અને સમાજ પ્રત્યેની જવાબદારી વિકસાવવામાં આવે છે. આ રીતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જવાબદાર, સંવેદનશીલ અને સક્રિય નાગરિક ઘડવામાં મહત્વપૂર્ણ સાધનરૂપ સાબિત થાય છે.

**જવાબદાર નાગરિકની સંકલ્પના:**

જવાબદાર નાગરિકતા એટલે એવા ગુણો અને કુશળતાઓનો સમૂહ જેમાં:

1). બંધારણીય જ્ઞાન: અધિકારો અને ફરજો અંગે સમજ હોય.

2). સામાજિક સંવેદના: સમાજની સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ હોય.

3). નૈતિકતા: ઈમાનદારી, સત્યનિષ્ઠા અને કાયદાનું પાલન કરતો હોય.

4). લોકશાહી મૂલ્યો: સહિષ્ણુતા, સમાનતા, સ્વતંત્રતા જેવા મૂલ્યો હોય.

5). પર્યાવરણીય જવાબદારી: ટકાઉ વિકાસ માટે પ્રતિબદ્ધ હોય.

6). ડિજિટલ જવાબદારી: માહિતીના સાચા ઉપયોગની ક્ષમતા અને ટેકનોલોજીના યોગ્ય ઉપયોગથી માહિતગાર હોય.

**સંશોધનના હેતુઓ:**

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા જવાબદાર નાગરિકતા કેવી રીતે વિકસે છે તેનો અભ્યાસ.

2. ઉત્તરદાતામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી સામાજિક, નૈતિક અને પર્યાવરણીય જવાબદારીમાં થયેલ અસર અંગે તપાસ.

**સંશોધન પદ્ધતિ:**

આ સંશોધન પેપરમાં પ્રાથમિક અને દ્વિતીય બંને માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે. પ્રાથમિક માહિતી ઉત્તરદાતા પાસેથી ગૂગલ ફોર્મ દ્વારા મેળવવામાં આવેલ છે અને દ્વિતીય માહિતી પુસ્તક, ઈન્ટનેટ અને પ્રકાશિત આર્ટિકલ્સ અને સંશોધન પેપરમાંથી પ્રાપ્ત કરેલ છે.

**નિદર્શ પસંદગી:**

આ સંશોધન પેપર માટે શીર્ષકને અનુરૂપ પ્રશ્નો નક્કી કરી ગૂગલ ફોર્મ દ્વારા ઉત્તરદાતાને મોકલવામાં આવેલ. જેમાં જેઓ અધ્યાપક તરીકે કાર્યરત છે તેવા ઉત્તરદાતા જ પસંદ કરવામાં આવેલ છે. કુલ 50 ઉત્તરદાતા લેવામાં આવેલ છે. આ ઉત્તરદાતા કોઈ એક વિસ્તારના નથી પરંતુ ડીઝીટલી જેટલા લોકો અધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે તેમને મોકલીને આ માહિતી મેળવવામાં આવેલ છે.

**1. ઉત્તરદાતાની શૈક્ષણિક અને વ્યવસાયિક માહિતી:**

પસંદ કરેલ ઉત્તરદાતામાં 60% પુરુષો અને 40% સ્ત્રીઓ જોવા મળે છે. આમ જોતાં કહી શકાય કે પુરુષ અને સ્ત્રી બંને વચ્ચે આંશિક અસમાનતા જોવા મળે છે પરંતુ મળતા પરિણામોમાં સ્ત્રી અને પુરુષોના

બંનેના મંતવ્યોનો સમાવેશ થશે. પસંદ કરેલ ઉત્તરદાતા પૈકી 96.70% ઉત્તરદાતા એવા છે જેમણે પીએચ.ડી.ની ડીગ્રી મેળવેલ છે. 3.33% ઉત્તરદાતા એવા છે જેમને એમ.ફિલ. સુધીનો અભ્યાસ કરેલ છે. આમ પસંદ કરેલ તમામ ઉત્તરદાતા એ માસ્ટર કરતાં વધારે અભ્યાસ કરેલ છે કે જેઓનો સમાવેશ ઉચ્ચ શિક્ષણમાં થઇ શકે છે.

પસંદ કરેલ ઉત્તરદાતામાંથી સૌથી વધુ લોકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે અને શૈક્ષણિક કાર્ય સાથે જોડાયેલ છે. જેમાં 76.70% Assistant Professor તરીકે પોતાની સેવાઓ આપે છે જ્યારે 13.30% Associate Professor તરીકે અને 10.00% Professor તરીકે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપે છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જવાબદાર નાગરિક ઘડતરમાં ભૂમિકા:**

| ક્રમ | વિગત | સંપૂર્ણ સંમત | તટસ્થ | અસંમત | સંપૂર્ણ સંમત | અસંમત |
|---|---|---|---|---|---|---|
| 1 | NEP મૂલ્ય આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપે છે. | 16.70% | 43.30% | 20.00% | 16.70% | 3.30% |
| 2 | NEP જવાબદાર નાગરિક બનાવવા માટે અસરકારક છે. | 10.00% | 46.70% | 13.30% | 23.30% | 6.70% |
| 3 | NEP અનુભવજન્ય શિક્ષણ વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી વિકસાવે છે. | 23.30% | 53.30% | 6.70% | 10.00% | 6.70% |
| 4 | NEP પર્યાવરણ જાગૃતિ માટે યોગ્ય માર્ગ દર્શાવે છે. | 10.00% | 53.30% | 23.30% | 10.00% | 3.30% |
| 5 | NEP શિક્ષણને વધુ સર્વસમાવેશી બનાવે છે. | 13.30% | 43.30% | 16.70% | 23.30% | 3.30% |
| 6 | NEP વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને સહકાર વિકસાવે છે. | 20.00% | 40.00% | 23.30% | 10.00% | 6.70% |
| 7 | NEP બંધારણીય મૂલ્યોને અસરકારક રીતે શીખવવામાં આવે છે. | 3.30% | 53.30% | 26.70% | 13.30% | 3.30% |
| 8 | NEP વિદ્યાર્થીઓ વધુ સજાગ નાગરિક બને છે. | 13.30% | 30.00% | 30.00% | 23.30% | 3.30% |
| 9 | NEP Critical Thinking ક્ષમતા વિકસાવે છે. | 17.20% | 31.00% | 34.50% | 10.30% | 6.90% |
| 10 | NEP સમાજ સાથે જોડાણ દ્વારા નાગરિકત્વનાં મૂલ્યો મજબૂત બને છે. | 10.00% | 40.00% | 30.00% | 16.70% | 3.30% |

આ કોષ્ટકમાં કુલ 10 નિવેદનો માટે પાંચ સ્તરે પ્રતિભાવ આપવામાં આવ્યો છે. સંપૂર્ણ સહમત, સહમત, તટસ્થ, અસહમત અને સંપૂર્ણ અસહમત. કુલ મળીને પ્રતિભાવદાતાઓનો ઝુકાવ NEP પ્રત્યે હકારાત્મક જોવા મળે છે.

1. મૂલ્યઆધારિત શિક્ષણ: લગભગ 60%થી વધુ પ્રતિભાવદાતાઓ સહમત છે કે NEP મૂલ્યઆધારિત શિક્ષણને પ્રોત્સાહન આપે છે. અસહમતનો દર ઓછો હોવાથી નીતિ પ્રત્યે વિશ્વાસ દેખાય છે.

2. જવાબદાર નાગરિક ઘડતર: 56.7% પ્રતિભાવદાતાઓ NEPને જવાબદાર નાગરિક બનાવવા માટે અસરકારક માને છે. થોડો અસહમત વર્ગ બતાવે છે કે અમલમાં વધુ સ્પષ્ટતા જરૂરી છે.

3. સામાજિક જવાબદારીનો વિકાસ: અહીં 76%થી વધુ પ્રતિભાવદાતાઓ સહમત/સંપૂર્ણ સહમત છે, જે દર્શાવે છે કે અનુભવ આધારિત શિક્ષણ સામાજિક મૂલ્યો વિકસાવે છે.

4. પર્યાવરણ જાગૃતિ: 63.3% સહમત પ્રતિભાવ દર્શાવે છે કે NEP પર્યાવરણ સંરક્ષણ માટે યોગ્ય માર્ગદર્શિકા આપે છે.

5. સમાવેશક શિક્ષણ: મોટાભાગના પ્રતિભાવદાતાઓ માને છે કે NEP શિક્ષણને વધુ સમાવેશક બનાવે છે, છતાં 23.3% અસહમત હોવું સુધારાની જરૂરિયાત સૂચવે છે.

6. નેતૃત્વ અને સહકાર: 60% પ્રતિભાવદાતાઓ સહમત છે કે NEP વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને સહકાર વિકસાવે છે.

7. બંધારણીય મૂલ્યો: 56.6% સહમત પ્રતિભાવથી સ્પષ્ટ થાય છે કે બંધારણીય મૂલ્યો શિક્ષણમાં યોગ્ય રીતે સામેલ થાય છે.

8. સજાગ નાગરિકતા: અહીં તટસ્થ પ્રતિભાવ (30%) વધુ છે, જે દર્શાવે છે કે આ બાબતમાં NEPના પરિણામો હજુ સ્પષ્ટ રીતે અનુભવાયા નથી.

9. Critical Thinking: તટસ્થ પ્રતિભાવ (34.5%) સૌથી વધુ છે, એટલે કે Critical Thinking વિકાસ બાબતે હજુ સ્પષ્ટ પરિણામો જોવા મળ્યા નથી.

10. સમાજ સાથે જોડાણ: 50%થી વધુ પ્રતિભાવદાતાઓ સહમત છે કે સમાજ સાથેના જોડાણ દ્વારા નાગરિક મૂલ્યો મજબૂત થાય છે.

સારાંશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રત્યે હકારાત્મક અભિગમ જોવા મળે છે. મૂલ્યઆધારિત શિક્ષણ, સામાજિક જવાબદારી, પર્યાવરણ જાગૃતિ અને નાગરિક ઘડતર બાબતે NEP અસરકારક સાબિત થાય છે. Critical Thinking અને સજાગ નાગરિકતા જેવા ક્ષેત્રોમાં વધુ અસરકારક અમલ અને માર્ગદર્શનની જરૂર છે.

**સૂચનો:**

1. મૂલ્યઆધારિત શિક્ષણને વ્યવહારિક બનાવવું.
2. અનુભવ આધારિત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણનો વિસ્તાર કરવો.
3. Critical Thinking માટે શિક્ષક તાલીમ આપવી.
4. સજાગ નાગરિકતા માટે લોકશાહી શિક્ષણ આપવું.
5. સમાવેશક શિક્ષણને મજબૂત બનાવવું.
6. પર્યાવરણ શિક્ષણને સ્થાનિક સમસ્યાઓ સાથે જોડવું.
7. સમાજ–શાળા જોડાણ મજબૂત કરવું.
8. મૂલ્યાંકન પદ્ધતિમાં સુધારો કરવો.
9. વિદ્યાર્થી નેતૃત્વ વિકાસ કાર્યક્રમો કરવા જોઈએ.
10. NEP અમલ માટે સતત સમીક્ષા કરવી જોઈએ.

**નિષ્કર્ષ:**

આ અભ્યાસમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત જવાબદાર નાગરિક ઘડતર અંગેના વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રતિભાવદાતાઓનો મોટાભાગનો વર્ગ NEP પ્રત્યે હકારાત્મક અભિગમ ધરાવે છે. ખાસ કરીને મૂલ્યઆધારિત શિક્ષણ, સામાજિક જવાબદારી, પર્યાવરણ જાગૃતિ, બંધારણીય મૂલ્યો અને સમાવેશક શિક્ષણ જેવા ક્ષેત્રોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અસરકારક સાબિત થતી જણાય છે. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સહકાર અને સામાજિક સંવેદનશીલતા વિકસાવવા માટે NEP દ્વારા અપનાવવામાં આવેલા અનુભવ આધારિત અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસક્રમને વ્યાપક સ્વીકાર મળ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે નવી શિક્ષણ નીતિ માત્ર જ્ઞાન કેન્દ્રિત ન રહી, પરંતુ સર્વાંગી વિકાસ અને જવાબદાર નાગરિક ઘડતર તરફ દોરી જાય છે. આ ઉપરાંત Critical Thinking ક્ષમતા અને સજાગ નાગરિકતા વિકાસ બાબતે તટસ્થ પ્રતિભાવનું પ્રમાણ વધુ જોવા મળે છે, જે દર્શાવે છે કે આ ક્ષેત્રોમાં નીતિના અમલને વધુ અસરકારક બનાવવા માટે શિક્ષક તાલીમ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન પદ્ધતિમાં સુધારાની જરૂર છે. અંતે કહી શકાય કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના શિક્ષણ તંત્રને ગુણાત્મક રીતે મજબૂત બનાવવાની ક્ષમતા ધરાવે છે. યોગ્ય આયોજન, અસરકારક અમલ અને સતત સમીક્ષા સાથે NEP ભવિષ્યમાં મૂલ્યનિષ્ઠ, જાગૃત અને જવાબદાર નાગરિક ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**સંદર્ભ સૂચિ:**

1. ભારત સરકાર, (2020), નવી શિક્ષણ નીતિ – 2020, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી
2. NCERT, (2021), School Education and Value-Based Learning
3. National Council of Educational Research and Training, New Delhi
4. Dewey, J., (1938), Experience and Education, New York: Macmillan
5. Ambedkar, B. R., (1949), The Constitution of India, Government of India
6. Nussbaum, M., (2010). Not for Profit: Why Democracy Needs the Humanities, Princeton University Press
7. UNESCO, (2015), Education for Sustainable Development Goals, Paris: UNESCO Publishing
8. Sen, A., (1999), Development as Freedom, Oxford University Press
9. Kumar, K., (2005), Political Agenda of Education, Sage Publications
10. Banks, J. A., (2008), Diversity, Group Identity, and Citizenship Education, San Francisco: Jossey-Bass
11. Delors, J. et al., (1996), Learning: The Treasure Within, UNESCO